ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલિસી/૧(૧૦)/ ૦૪
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
વડી કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તારીખઃ ૧૪/૦૩/૨૦૧૩

**//:–પરિપત્ર–://**

**વિષયઃ– નિગમની વસાહતોમાં કોઈપણ પ્રકારની દુરંદેશી સુવિધાઓ માટે વપરાશી હકકની ફાળવણીનાં ચાર્જીસની વસુલાત કરવા બાબત.**

સંદર્ભઃ– પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)૪૪ તા. ૦૩–૧૦–૨૦૧૨

ઉપરોક્ત સંદર્ભદર્શિત પરિપત્રથી નિગમની વસાહતોમાં આવેલ ઉદ્યોગોની વિવિધ જરૂરીયાતને પુરી પાડવા માટે વિજ કંપનીઓ ધ્વારા વસાહતની બહારથી વસાહતમાં આવેલ તેમનાં સબ સ્ટેશન સુધી ઓવરહેડ અથવા અન્ડર ગ્રાઉન્ડ વિજળી લાઈન નાખવા માટે ROU (ઉપયોગનો અધિકાર) તરીકે વપરાતી જમીનનાં ભાડા અંગેની નીતિ જારી કરવામાં આવેલ.

આ નીતિમાં નિગમની ૪૭૦ મી સભા જે તા. ૧૯/૦૨/૨૦૧૩ ના રોજ મળેલ તેમાં કાર્યસૂચિ ક્રમાંકઃ ૧૪ થી ઉપરોક્ત વિષય અંગેની નીતિ સભા સમક્ષ જરૂરી નિર્ણય અર્થે રજુ કરવામાં આવેલ, જેમાં નિગમની સભા ધ્વારા ઠરાવ ક્રમાંકઃ ૨૯/વિતરણ/૪૭૦/૨૦૧૩ થી નીચે મુજબની મંજુરી આપવાનું નકકી કરવામાં આવેલ છે.

(૧) (અ) નિગમની વસાહતોમાં જમીનની નીચે અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવર ગ્રાઉન્ડ વિજ પુરવઠા સિવાયની દુરંદેશી સુવિધાઓ વસાહતનાં વિકાસ નકશામાં ફાળવણીપાત્ર ન હોય તેવાં કોઈ પણ વિસ્તારમાં નાખવામાં આવે તો પ્રથમ ૧૦ (દશ) વર્ષ માટે પ્રવર્તમાન વિતરણ કિમંતના ૧૦% (દશ ટકા) પ્રમાણે એકી સાથે ભાડુ લેવાનું રહેશે અને ત્યારપછી દરેક ૧૦ (દશ) વર્ષનાં ભાડા તરીકે જે તે સમયની ફાળવણી કિમંતના ૧૦% (દશ ટકા) એકી સાથે વસુલ કરવાનું રહેશે.

(બ) જો આવી કોઈપણ સુવિધા નિગમની ફાળવણીપાત્ર જમીનમાં નાખવાની થતી હોય તો અને જો જમીનની ઉપલબ્ધતા હોય તેવાં કિસ્સામાં પ્રવર્તમાન વિતરણ કિમંતના ૧૦૦% (સો ટકા) પ્રમાણે માત્ર એક વખત એકી સાથ ભાડુ લેવામાં આવશે.

(૨) (અ) જ્યારે કોઈપણ ખાનગી અથવા સરકારી વિજ કંપની ધ્વારા વસાહતમાં આવેલ ઉદ્યોગોને વિજ પુરવઠો પુરો પાડવા માટે ઓવર હેડ/ભુગર્ભીય કેબલથી વિજ લાઈનો કોઈપણ બિન વિતરણપાત્ર જમીન (Non Allotable Area) માં નાખવાની માંગણી કરવામાં આવે તો વસાહતની પ્રવર્તમાન ફાળવણી કિંમતના ૫% (પાંચ ટકા) લેખે એકી સાથે (One time) ભાડું ROU ની (ઉપયોગનો અધિકાર) વસુલાત કરવામાં આવશે, અત્રે એ ઉલ્લેખનીય છે કે આવા કિસ્સામાં ભવિષ્યમાં કોઈ વધારાનું ભાડુ (ROU Charge) વસુલ કરવાનું રહેશે નહિ.

(બ) જયારે વિજ કંપની અથવા કોઈ એક એકમ ધ્વારા ઓવર હેડ/ભુગર્ભીય કેબલથી વિજ લાઈનો વસાહતનાં વિકાસ નકશામાં બિન વિતરણપાત્ર જમીનમાં નાખવાની માંગણી કરવામાં આવે પરંતુ સદર યુટીલીટી માત્ર કોઈ એક એકમ પુરતી જ હોય તો આવા કિસ્સામાં ROU Charge મંજુરી સમયે વિતરણ કિંમતનાં ૫% (પાંચ ટકા) તથા ત્યારપછી દરેક દશ વર્ષનાં ગાળા માટે જે તે સમયની વિતરણ કિંમતનાં ૫% (પાંચ ટકા) વસુલ કરવાના રહેશે.

(ક) જયારે કોઈપણ વિજ કંપની/ઉદ્યોગ ધ્વારા નિગમની બિન વિતરણપાત્ર જમીનમાંથી અન્ડર ગ્રાઉન્ડ અથવા ઓવર ગ્રાઉન્ડ લાઈન પસાર કરવાની માંગણી આવે અને જયારે આ સુવિધાનો નિગમનાં કોઈપણ એકમને લાભ મળવાપાત્ર ન હોય તો સદર ઉદ્યોગ/વિજ કંપની પાસેથી પ્રથમ દશ વર્ષ માટે વિતરણ કિંમતના ૧૦% (દશ ટકા) તથા ત્યારબાદ દરેક દશ વર્ષનાં ગાળા માટે પ્રવર્તમાન વિતરણ કિમંતના ૧૦% (દશ ટકા) લેખે ROU Charge વસુલ કરવાનાં રહેશે.

(ડ) જયારે કોઈપણ ઉદ્યોગ/વિજ કંપની ધ્વારા અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવર ગ્રાઉન્ડ લાઈનો માટે નિગમની વિતરણપાત્ર જમીનનાં વપરાશી હકકની માંગણી કરવામાં આવે ત્યારે તેમની પાસેથી પ્રવર્તમાન વિતરણ કિંમતનાં ૧૦૦% (સો ટકા) માત્ર એકી સાથ વસુલ લેવાના રહેશે.

આ ઉપરાંત હાલ આ પ્રકારનાં જે Pending Cases હોય કે જેમાં ROU Charges ભરવાના બાકીમાં હોય તેવા તમામ કિસ્સાઓમાં પણ આ પ્રકારની નીતિ લાગુ પાડવાની રહેશે, તેમ નક્કી કરવામાં આવેલ છે.

વધુમાં, ભાડા સિવાયની અન્ય બાબતો માટેની નીચેની શરતો લાગુ રહેશે.

**::– શરતો –::**

(૧) નિગમની વસાહતોમાં જમીનની નીચે/ઉપર દુરંદેશી સુવિધાઓ માટે પાણીની/વિજળીની/ગેસ/ટેલીફોન તથા અન્ય ભુગર્ભ પાઈપ લાઈનો નાંખવાં માટે ભાડાના દર ઉપરોકત ઠરાવથી નકકી કરવામાં આવેલ છે. અન્ય નીતિ અંતર્ગત જો રોડ ક્રોસીંગ કરી પાઈપ લાઈન પસાર થતી હોય તો રોડ ક્રોસીંગનો નિયમાનુસારનો ચાર્જ પણ વસુલ કરવાનો રહેશે.

(૨) જમીનમાં કોઈપણ પ્રકારની દુરંદેશી સુવિધાઓ નાંખ્યા પછી તેનાં ઉપર ઉપયોગ ઉપરનો માત્ર નિગમનો અધિકાર રહેશે.

(૩) પાણીની/વિજળીની/ગેસ/ટેલીફોન તથા અન્ય ભુગર્ભ પાઈપ લાઈન માટે જમીનનો ઉપયોગ તથા આવા ઉપયોગ કરનારે જમીન જે છે તે સ્થિતીમાં યથાવત સ્થિતીમાં કરી આપવાનો રહેશે.

(૪) નિગમ તરફથી જયારે પણ આ જમીનની જરૂરીયાત ઉપસ્થિત થાય તે સમયે જે તે સંસ્થા ધ્વારા નાંખેલી કોઈપણ પ્રકારની દુરંદેશી સેવાઓ પોતાના ખર્ચ અને જોખમે તાત્કાલિક ખસેડવાની રહેશે.

(૫) એમ.ઓ.ઈ.એફ ના માર્ગદર્શન હેઠળ અરજદારે "ના વાંધા પ્રમાણપત્ર" જી.પી.સી.બી. પાસેથી મેળવવાનું રહેશે.

(૬) પાણીની/વિજળીની/ગેસ/ટેલીફોન તથા અન્ય ભુગર્ભ પાઈપ લાઈન નાંખતી વખતે કાળજી લેવી કે ત્યાંથી પસાર થતી અન્ય હયાત કોઈ પણ સુવિધાઓ નુકશાન ન થાય અગર કોઈ નુકશાન થશે તો તેની જવાબદારી અરજદારની રહેશે.

(૭) પાણીની/વિજળીની/ગેસ/ટેલીફોન તથા અન્ય ભુગર્ભ પાઈપ લાઈનની સોફટ કોપી જે તે પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરીમાં જમા કરવાની રહેશે.

(૮) રોડ ક્રોસીંગ માટે પુસીંગ પધ્ધતિનો ઉપયોગ કરવાનો રહેશે.

(૯) પાણીની/વિજળીની/ગેસ/ટેલીફોન તથા અન્ય ભુગર્ભ પાઈપ લાઈન નાંખતી વખતે ફીલ્ડ એન્જીનીયર/ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટરની સલાહ લેવાની રહેશે.

(૧૦) રોડની સમાંતરે બંને બાજુ વિજળી વિભાગની લાઈન તેમજ સ્ટ્રીટ લાઈટ જતી હોય ત્યાં વિજળી વિભાગનું 'નાં વાંધા પ્રમાણપત્ર' રજુ કરવાનું રહેશે.

(૧૧) પાણીની/વિજળીની/ગેસ/ટેલીફોન તથા અન્ય ભુગર્ભ પાઈપ લાઈન, પાણી પુરવઠાની લાઈનથી ૧.૫ મી. અને ભુગર્ભ ગટર લાઈનથી ૧.૨ મી. દુર રાખવાની રહેશે.

(૧૨) કેબલ પાઈપ લાઈન ૧.૫ મી. જમીન લેવલથી ઉંડાણમાં રાખવાની રહેશે.

(૧૩) જો ભુગર્ભ પાઈપ લાઈન ખાનગી જમીનમાંથી પસાર થતી હશે તો તેની મંજુરી અરજદારે જાતે મેળવવાની રહેશે.

આવી દરખાસ્તની મંજુરી આપવાની સઘળી સત્તા નિગમનાં ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને હસ્તર રહેશે.

નિગમનાં તમામ વિતરણ અધિકારીઓએ ઉપરોકત નીતિ વિષયક સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી, વિતરણને પાઠવવી.

સહી/–

**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.....

**નકલ જય ભારત સહ રવાના:–**

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ.........તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો....................તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ.એન્ડએ.)..............તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્તા

જનરલ મેનેજર (ઈએન્ડએ).

PROGRAMEER